**Gujarat Samachar Pg 5, 9th March 2022**

# આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૬૬૦ પોઈન્ટની વૃદ્ધિ

મુંબઈ, તા. ૮ઃ ક્રિપ્ટોકરન્સી બજારમાં આજે બિટકોઈન એક સપ્તાહની નીચલી સપાટીથી ઉછળીને ૩૯,૦૦૦ ડાલરની સપાટીની નજીક પહોંચ્યો છે. વૈશ્વિક સ્તરે કોમોડિટીના ભાવ વધી રહ્યા છે ત્યારે ક્રીપ્ટોકરન્સી ફુગાવા સામે હેજ તરીકે સારો વિકલ્પ હોવાનું રોકાણકારોનું માનવું છે. રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારથી સમગ્ર વિશ્વના પુરવઠાતંત્ર પર વિપરીત અસર થઈ છે. દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ -આઈસી૧૫ મંગળવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૧.૧૯ ટકા (૬૬૦ પોઈન્ટ) ઘટીને ૫૬,૦૦૧ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૫૫,૩૪૧ ખૂલીને ૫૬,૬૮૮ સુધીની ઉંચી અને ૫૪,૪૩૪ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો

સૌથી જૂની ક્રીપ્ટોકરન્સીનો ભાવ ચોવીસ કલાકના ગાળામાં આશરે ૨ ટકા વધીને ૩૮,૯૨૯ ડાલરની આસપાસ પહોંચ્યો હતો. વ્હેલ્સ દ્વારા આ સૌથી જૂની ક્રીપ્ટોકરન્સીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો હોવાની આ સ્થિતિ વચ્ચે ઈથેરિયમ પણ ૨ ટકાની વૃદ્ધિ સાથે ૨,૫૮૫ ડાલર ટ્રેડ થઈ રહ્યો હતો.